★ **Passage (For Ques. 001 & 002)**

To ensure qualitative monitoring of highway projects, the National Highway Authority of India (NHAI) has put a limit on the maximum number of the projects that can be assigned to an engineer of consultancy firms. A maximum of 10 projects per engineer of the consultancy firms can be assigned for the supervision of construction or maintenance of national highway projects, NHAI said in a press release. The decision was taken three weeks after a highway incident in Kerala, sparking a debate over the quality of construction of national highways.

★ **ફકરો (પ્રશ્ન 001 અને 002 માટે)**

હાઈવે પ્રોજેક્ટ્સની ગુણવત્તાયુક્ત દેખરેખ સુનિશ્ચિત કરવા માટે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ કન્સલ્ટન્સી ફર્મના એન્જિનિયરને સોંપી શકાય તેવા પ્રોજેક્ટ્સની મહત્તમ સંખ્યા પર મર્યાદા મૂકી છે. NHAI એ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું કે, કન્સલ્ટન્સી ફર્મના એન્જિનિયર દીઠ મહત્તમ 10 પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય હાઈવે પ્રોજેક્ટ્સના નિર્માણ અથવા જાળવણીની દેખરેખ માટે સોંપી શકાય છે. આ નિર્ણય કેરળમાં એક હાઈવે ઘટનાના ત્રણ અઠવાડિયા પછી લેવામાં આવ્યો હતો, જેણે રાષ્ટ્રીય હાઈવેના નિર્માણની ગુણવત્તા પર ચર્ચા શરૂ કરી હતી.

**001.** What is the primary theme of the passage?

(A) The role of consultancy firms in highway construction

(B) The importance of qualitative monitoring in highway projects

(C) The impact of a highway incident in Kerala on NHAI policies

(D) The challenges faced by engineers in supervising highway projects

ફકરાનો મૂળ વિષય શું છે?

(A) હાઈવે નિર્માણમાં કન્સલ્ટન્સી ફર્મની ભૂમિકા

(B) હાઈવે પ્રોજેક્ટ્સમાં ગુણવત્તાયુક્ત દેખરેખનું મહત્વ

(C) કેરળમાં હાઈવે ઘટનાની NHAI નીતિઓ પર અસર

(D) હાઈવે પ્રોજેક્ટ્સની દેખરેખમાં ઈજનેરોને કયા પડકારોનો સામનો કરવો પડે છે.

002. What is an assumption underlying NHAI's decision to limit the number of projects per engineer?

(A) Indian Engineers lack the required skill for highway construction.

(B) The highway incident in Kerala was caused by corruption.

(C) Consultancy firms lack sufficient engineers to handle highway projects.

(D) Limiting the number of projects per engineer will improve the quality of supervision.

NHAI ના એન્જિનિયર દીઠ પ્રોજેક્ટ્સની સંખ્યા મર્યાદિત કરવાના નિર્ણયની આધારભૂત ધારણા શું છે?

(A) ભારતીય એન્જિનિયરો પાસે હાઈવે નિર્માણ માટે જરૂરી કૌશલ્યનો અભાવ છે.

(B) કેરળમાં હાઈવે ઘટના ભ્રષ્ટાચારને કારણે થઈ હતી.

(C) પરામર્શદાતા સંસ્થાઓ પાસે હાઈવે પ્રોજેક્ટોને સંભાળવા માટે પૂરતા ઈજનેરો નથી.

(D) એન્જિનિયર દીઠ પ્રોજેક્ટ્સની સંખ્યા મર્યાદિત કરવાથી દેખરેખની ગુણવત્તા સુધરશે.

★ **Passage (For Ques. 003 To 005)**

Apple sells more than 220 million iPhones a year worldwide, with Counterpoint Research estimating a fifth of total iPhone imports to the United States now come from India, and the rest from China. Trump consistently increased U.S. tariffs on China from 54% to 125%. Thus an price of an iPhone 16 Pro Max would have surged to $ 2,300. In the 2025, Apple has used cargo flights to carry 600 tons of iPhones to the United States from India, in an effort to beat President Donald Trump's tariffs on China and India. The company had requested Indian airport authorities to create a "green corridor" arrangement to reduce the time needed to clear customs at the Chennai airport from 30 hours to 6 hours. About six cargo jets with a capacity of 100 tons each have flown out since March 2025. An iPhone 14 box weighs about 350 grams. It means a total cargo of 600 tons comprising about 1.5 million iPhones was sent from India. Apple and India's aviation ministry did not respond to a request for comment. All the sources sought anonymity as the strategy and discussions were private.

[ P.T.O.

★ **ફકરો (પ્રશ્ન 003 થી 005 માટે)**

એપલ વિશ્વભરમાં દર વર્ષે 220 મિલિયનથી વધુ આઇફોન વેચે છે, કાઉન્ટરપોઇન્ટ રિસર્ચના અંદાજ મુજબ યુનાઇટેડ સ્ટેટ્સમાં કુલ આઇફોન આયાતનો પાંચમો ભાગ હવે ભારતમાંથી આવે છે, અને બાકીનો ચીનથી. ટ્રમ્પે ચીન પર યુ.એસ. ટેરિફ 54% થી 125% સુધી સતત વધારી. આથી આઇફોન 16 પ્રો મેક્સની કિંમત $ 2,300 સુધી વધી ગઈ હોત. 2025માં, ચીન અને ભારત પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને હરાવવા માટે એપલે કાર્ગો ફ્લાઇટ્સ દ્વારા 600 ટન આઇફોન ભારતમાંથી યુનાઇટેડ સ્ટેટ્સમાં મોકલ્યા. કંપનીએ ભારતીય એરપોર્ટ સત્તા-ધિકારીઓને ચેન્નાઇ એરપોર્ટ પર કસ્ટમ્સ ક્લિયરન્સનો સમય 30 કલાકથી ઘટાડીને 6 કલાક કરવા માટે "ગ્રીન કોરિડોર" વ્યવસ્થા ઉભી કરવાની વિનંતી કરી હતી. માર્ચ 2025થી 100 ટનની ક્ષમતા ધરાવતા એક એવા છ કાર્ગો જેટ ઉડાન ભરી ચૂક્યા છે. એક આઇફોન 14 બોક્સનું વજન આશરે 350 ગ્રામ છે. એટલે કે કુલ 600 ટનના કાર્ગો દ્વારા ભારતમાંથી આશરે 15 લાખ આઇફોન મોકલ્યા હતા. એપલ અને ભારતના ઉડ્ડયન મંત્રાલયે ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો નથી. તમામ સ્રોતોએ વ્યૂહરચના અને ચર્ચાઓની ગુપ્તતાને કારણે નામ ન આપવાનું નક્કી કર્યું હતું.

**003.** What is the primary theme of the passage?

(A) Apple's strategy to mitigate tariffs by shifting iPhone production and logistics

(B) The impact of U.S. tariffs on iPhone prices

(C) The role of Indian airport authorities in facilitating Apples exports

(D) The global market share of iPhone sales

ફકરાનો મૂળ વિષય શું છે?

(A) એપલની આઇફોન ઉત્પાદન અને લોજિસ્ટિક્સ બદલીને ટેરિફને ઘટાડવાની વ્યૂહરચના.

(B) યુ.એસ. ટેરિફની આઇફોનની કિંમતો પર અસર

(C) એપલના નિકાસમાં ભારતીય એરપોર્ટ અધિકારીઓની ભૂમિકા

(D) આઇફોન વેચાણનો વૈશ્વિક બજાર હિસ્સો

**004.** What is an assumption underlying Apple's decision to use cargo flights from India?

(A) Cargo flights are the only way to transport iPhones to the United States.

(B) Importing iPhones from India is less affected by U.S. tariffs than importing from China.

(C) Indian airport authorities can reduce customs clearance time for all cargo.

(D) The cost of air transport is lower than the cost of tariffs on Chinese imports.

એપલના ભારતમાંથી કાર્ગો ફ્લાઇટ્સના ઉપયોગના નિર્ણયની આધારભૂત ધારણા શું છે?

(A) કાર્ગો ફ્લાઇટ્સ એ આઇફોનને યુનાઇટેડ સ્ટેટ્સમાં પરિવહન કરવાનો એકમાત્ર રસ્તો છે.

(B) ચીનથી આયાત કરેલા આઇફોન કરતાં ભારતમાંથી આયાત કરેલા આઇફોન યુ.એસ. ટેરિફથી ઓછા પ્રભાવિત થાય છે.

(C) ભારતીય એરપોર્ટ અધિકારીઓ તમામ કાર્ગો માટે કસ્ટમ્સ ક્લિયરન્સનો સમય ઘટાડી શકે છે.

(D) હવાઈ પરિવહનનો ખર્ચ ચીનના આયાત પરના ટેરિફના ખર્ચ કરતાં ઓછો છે.

600 x 1000

005. theoretically what is the maximum number of iPhone can be transported by one cargo jet, based on the data given in the passage?

(A) 250,000 iPhones
(B) 300,000 iPhones
(C) 285,714 iPhones
(D) 350,000 iPhones

સૈદ્ધાંતિક રીતે, ફકરામાં આપેલી માહિતીના આધારે એક કાર્ગો જેટ દ્વારા પરિવહન કરી શકાય તેવા આઈફોનની મહત્તમ સંખ્યા કેટલી છે?

(A) 250,000 આઈફોન
(B) 300,000 આઈફોન
(C) 285,714 આઈફોન
(D) 350,000 આઈફોન

★ **Passage (For Ques. 006 To 008)**

South Africa won the World Test Championship. Ashwell Prince, the batting coach, led a celebratory song about Black captain Temba Bavuma. Ashwell recalled the history of cricket in South Africa. The South African team has a reservation, quota, for the black players. When things went wrong, it was the quota players' fault, while when things went right, the others were heroes. Makhaya Ntini, a legendary pacer, felt unwelcome by his teammates, who wouldn't even sit with him during breakfast or include him in their dinner plans. The team's success came from conquering their inner demons and countering outsiders' perceptions. South Africa's great achievement is their ability to set their house in order and then counter outsiders' perceptions.

★ **ફકરો (પ્રશ્ન 006 થી 008 માટે)**

દક્ષિણ આફ્રિકાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી. બેટિંગ કોચ એશવેલ પ્રિન્સે બ્લેક કેપ્ટન ટેમ્બા બાવુમા વિશે ઉજવણીનું ગીત ગાયું. એશવેલે દક્ષિણ આફ્રિકામાં ક્રિકેટનો ઈતિહાસ યાદ કર્યો. દક્ષિણ આફ્રિકન ટીમમાં બ્લેક ખેલાડીઓની સંખ્યા/ કોટા આરક્ષિત છે. જ્યારે કંઈ ખોટું થયું, ત્યારે કોટા ખેલાડીઓની ભૂલ ગણવામાં આવી, જ્યારે જો કંઈ સારૂ થયું, ત્યારે અન્ય ખેલાડીઓ હીરો બન્યા. લિજેન્ડરી પેસર મખાયા એન્ટીનીને તેમની ટીમના-સાથીઓ દ્વારા કરવામાં આવતું વર્તન અસ્વીકાર્ય લાગ્યું કે જેઓ નાસ્તામાં તેની સાથે બેસતા ન હતા અથવા રાત્રિભોજનની યોજનામાં તેને સામેલ કરતા ન હતા. ટીમની સફળતા આંતરિક ભયને જીતવા અને બાહ્ય ધારણાઓનો સામનો કરવાથી મળી. દક્ષિણ આફ્રિકાની મહાન સિદ્ધિ એ છે કે તેઓએ પોતાની આંતરિક વ્યવસ્થા સુધારી અને પછી બાહ્ય ધારણાઓનો સામનો કર્યો.

006. What is the primary theme of the passage?

(A) The historical evolution of cricket in South Africa

(B) The role of Temba Bavuma in South Africa's cricket success

(C) Overcoming internal divisions and external biases to achieve success

(D) The impact of the quota system on individual player performance

ફકરાનો મૂળ વિષય શું છે?

(A) દક્ષિણ આફ્રિકામાં ક્રિકેટનો ઐતિહાસિક વિકાસ

(B) દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ સફળતામાં ટેમ્બા બાવુમાની ભૂમિકા

(C) સફળતા હાંસલ કરવા માટે આંતરિક વિભાજન અને બાહ્યપૂર્વગ્રહોને કાબૂમાં કરવાનો પ્રયાસ

(D) વ્યક્તિગત ખેલાડીની કામગીરી પર કોટા પ્રણાલીની અસર.

007. What is an assumption underlying the passage's description of South Africa's cricket team dynamics?

(A) The quota system is the primary reason for the team's success.

(B) Blaming quota players for failures reflects internal team prejudice.

(C) All non-quota players actively discriminated against Black players.

(D) Makhaya Ntini's exclusion was due to his performance as a player.

ફકરામાં દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમની ગતિશીલતાના વર્ણનની આધારભૂત ધારણા શું છે?

(A) કોટા સિસ્ટમ એ ટીમની સફળતાનું મુખ્ય કારણ છે.

(B) નિષ્ફળતાઓ માટે કોટા ખેલાડીઓને દોષ આપવો એ ટીમની આંતરિક પૂર્વગ્રહને પ્રતિબિંબિત કરે છે.

(C) બધા નોન-કોટા ખેલાડીઓએ બ્લેક ખેલાડીઓ સામે સક્રિય રીતે ભેદભાવ કર્યો.

(D) મખાયા એન્ટીનીને બાકાત રાખવો એ તેની ખેલાડી તરીકેની કામગીરીને કારણે હતું.

**008.** What can be inferred about the role of Ashwell Prince in the context of the passage?

(A) He was responsible for implementing the quota system in South African cricket.

(B) He played a leadership role in fostering team unity during the championship.

(C) He criticized the team for their treatment of Black players like Makhaya Ntini.

(D) He was the head coach of the South African cricket team during the win.

ફકરાના સંદર્ભમાં એશવેલ પ્રિન્સની ભૂમિકા વિશે શું અનુમાન કરી શકાય?

(A) તે દક્ષિણ આફ્રિકાના ક્રિકેટમાં કોટા સિસ્ટમ લાગુ કરવા માટે જવાબદાર હતો.

(B) તેણે ચેમ્પિયનશિપ દરમ્યાન ટીમની એકતા વધારવામાં નેતૃત્વની ભૂમિકા ભજવી.

(C) તેણે મખાયા એન્ટીની જેવા અશ્વેત ખેલાડીઓના વર્તન માટે ટીમની ટીકા કરી.

(D) તે ચેમ્પિયનશિપ જીત દરમ્યાન દક્ષિણ આફ્રિકન ક્રિકેટ ટીમનો મુખ્ય કોચ હતો.

★ **Passage (For Ques. 009 & 010)**

A Boeing Dreamliner of Air India with 242 persons on board crashed in Ahmedabad. Mr. Rajesh Patel, a 57-year-old former photographer and volunteer at Ahmedabad Civil Hospital since the 2008 Ahmedabad serial blasts, was among the first responders. Lacking stretchers, Patel and other volunteers used old sarees and bedsheets to carry bodies and injured persons to ambulances. After rescue work, Patel salvaged luggage and belongings, recovering 70 tolas of gold jewellery and handed it to the police. Gujarat Minister of State for Home Harsh Sanghavi noted that gold ornaments weighing 4-5 tolas, worth around ₹ 4.5 lakh, recovered from Veenaben's body, were returned to her family, who praised the police for their honesty.

★ ફકરો (પ્રશ્ન 009 અને 010 માટે)

એર ઈન્ડિયાનું બોઈંગ ડ્રીમલાઈનર, જેમાં 242 વ્યક્તિઓ સવાર હતા, અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયું. ભૂતપૂર્વ ફોટોગ્રાફર અને 2008ના અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના સમયથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્વયંસેવક એવા 57 વર્ષના શ્રી રાજેશ પટેલ, પ્રથમ પ્રતિસાદ આપનારાઓમાંના એક હતા. સ્ટ્રેચરની અછતને કારણે, શ્રી પટેલ અને અન્ય સ્વયંસેવકોએ મૃતદેહો અને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને એમ્બ્યુલન્સ સુધી લઈ જવા જૂની સાડીઓ અને ચાદરોનો ઉપયોગ કર્યો. બચાવ કાર્ય પછી, શ્રી પટેલે 70 તોલા સોનાના ઘરેણાં સહીત સામાન અને વસ્તુઓ એકઠી કરી, અને તે પોલીસને સોંપ્યા. ગુજરાતના ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે સુશ્રી વિણાબેનના મૃતદેહ પરથી મળેલા 4–5 તોલા વજનના સોનાના ઘરેણાં, જેની કિંમત લગભગ ₹4.5 લાખ હતી, તેમના પરિવારને પરત કરવામાં આવ્યા, જેમણે પોલીસની પ્રામાણિકતાની પ્રશંસા કરી.

**009.** What is the primary theme of the passage?

(A) The challenges faced by first responders in disaster situations

(B) The heroism and honesty of volunteers and police in the aftermath of a plane crash

(C) The role of Mr. Rajesh Patel in recovering valuables after the crash

(D) The impact of the Air India crash on Ahmedabad's emergency response system

ફકરાનો મૂળ વિષય શું છે?

(A) આપત્તિની પરિસ્થિતિઓમાં પ્રથમ પ્રતિસાદ આપનારાઓના પડકારો

(B) વિમાન દુર્ઘટના પછી સ્વયંસેવકો અને પોલીસની વીરતા અને પ્રામાણિકતા

(C) દુર્ઘટના પછી મૂલ્યવાન વસ્તુઓ પુનઃપ્રાપ્ત કરવામાં શ્રી રાજેશ પટેલની ભૂમિકા ×,

(D) એર ઈન્ડિયા દુર્ઘટનાની અમદાવાદની કટોકટી પ્રતિસાદ પ્રણાલી પર અસર

**010.** What is an assumption underlying the use of sarees and bedsheets by volunteers during the rescue?

(A) Stretchers were unavailable at the crash site.

(B) Sarees and bedsheets were more effective than stretchers for carrying injured persons.

(C) Volunteers were trained to use household items for rescue operations.

(D) Ambulances were equipped to handle improvised stretchers.

બચાવ દરમ્યાન સ્વયંસેવકો દ્વારા સાડીઓ અને ચાદરોના ઉપયોગની આધારભૂત ધારણા શું છે?

(A) દુર્ઘટના સ્થળે સ્ટ્રેચર ઉપલબ્ધ ન હતા.

(B) સાડીઓ અને ચાદરો ઈજાગ્રસ્ત વ્યક્તિઓને લઈ જવા માટે સ્ટ્રેચર કરતાં વધુ અસરકારક હતા. ×,

(C) સ્વયંસેવકોને ઘરેલું વસ્તુઓનો બચાવ કાર્ય માટે ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવી હતી.

(D) એમ્બ્યુલન્સ અસ્થાયી/ કામચલાઉ સ્ટ્રેચરને હેન્ડલ કરવા માટે સજ્જ હતી.

★ **Passage (For Ques. 011 & 012)**

Chief of Defence Staff General Anil Chauhan described Operation Sindoor as India's "first non-contact warfare" and "convergence warfare," It involved a mix of kinetic and non-kinetic actions across cyber, land, space, electromagnetic spectrum, and air, with direct action only at the Line of Control (LoC). He compared the Indian Army's resilience to Test cricket, stating that losses should not be quantified in numbers. Because in Test Cricket, the "innings defeat" is more important than wickets or runs. On May 10, the Pakistani Army attacked with ballistic missiles, and Indian forces responded with BrahMos missiles, destroying at least 11 Pakistani air-bases. General Chauhan noted that details about destroyed aircraft and radars would be shared later.

★ **ફકરો (પ્રશ્ન 011 અને 012 માટે)**

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે ઓપરેશન સિંદૂર ને ભારતનું "પ્રથમ બિન-સંપર્ક યુદ્ધ" અને "કન્વર્જન્સ/ સુનિશ્ચિત યુદ્ધ" તરીકે વર્ણવ્યું. તેમાં સાયબર, જમીન, અવકાશ, ઇલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ અને હવાઈ ક્ષેત્રોમાં ગતિશીલ અને બિન-ગતિશીલ ક્રિયાઓનું મિશ્રણ સામેલ હતું, જેમાં લાઇન ઓફ કંટ્રોલ (LoC) પર જ સીધી કાર્યવાહી કરવામાં આવી. તેમણે ભારતીય સેનાની સ્થિતિસ્થાપકતાની તુલના ટેસ્ટ ક્રિકેટ સાથે કરી, જણાવ્યું કે નુકસાનને સંખ્યાઓમાં ગણવું જોઈએ નહીં. કારણ કે ટેસ્ટ ક્રિકેટમાં, "ઈનિંગ્સ હાર" વિકેટો અથવા રન કરતાં વધુ મહત્વની છે. 10 મેના રોજ, પાકિસ્તાની સેનાએ બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો, અને ભારતીય સેનાએ બ્રહ્મોસ મિસાઈલોથી જવાબ આપ્યો, જેમાં ઓછામાં ઓછા 11 પાકિસ્તાની એરબેસનો નાશ થયો. જનરલ ચૌહાણે જણાવ્યું કે નાશ થયેલા વિમાનો અને રડારની વિગતો પછીથી જણાવવામાં આવશે.

**011.** What is an assumption underlying General Chauhan's description of Operation Sindoor as "non-contact warfare"?

(A) Traditional warfare methods are no longer effective in modern conflicts.

(B) The use of multiple domains reduces the need for direct physical engagement.

(C) Indian forces avoided all forms of kinetic action during the operation.

(D) Pakistani forces were unprepared for India's multi-domain response.

જનરલ ચૌહાણના ઓપરેશન સિંદૂર ને "બિન-સંપર્ક યુદ્ધ" તરીકેના વર્ણનની આધારભૂત ધારણા શું છે?

(A) પરંપરાગત યુદ્ધ પદ્ધતિઓ આધુનિક સંઘર્ષોમાં હવે અસરકારક નથી.

(B) બહુવિધ ક્ષેત્રોનો ઉપયોગ સીધા ભૌતિક સંઘર્ષની જરૂરિયાત ઘટાડે છે.

(C) ભારતીય સેનાએ ઓપરેશન દરમ્યાન તમામ પ્રકારની ગતિશીલ ક્રિયાઓ ટાળી.

(D) પાકિસ્તાની સેના ભારતના બહુ-ક્ષેત્રીય પ્રતિસાદ માટે તૈયાર ન હતી.

012. What can be inferred about General Chauhan's Test cricket analogy?

(A) It emphasizes the importance of focusing on individual losses in warfare.

(B) It suggests that professional forces should prioritize overall victory over minor setbacks.

(C) It implies that Operation Sindoor was a defensive military strategy.

(D) It indicates that India's response was limited to the BrahMos missile strike.

જનરલ ચૌહાણની ટેસ્ટ ક્રિકેટની સાથે સામ્યતા વિશે શું અનુમાન કરી શકાય?

(A) તે યુદ્ધમાં વ્યક્તિગત નુકસાન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું મહત્વ દર્શાવે છે.

(B) તે સૂચવે છે કે વ્યાવસાયિક સેનાઓએ નાની હાર કરતાં એકંદર વિજયને પ્રાધાન્ય આપવું જોઈએ.

(C) તે દર્શાવે છે કે ઓપરેશન સિંદૂર એક રક્ષણાત્મક લશ્કરી વ્યૂહરચના હતી.

(D) તે દર્શાવે છે કે ભારતનો પ્રતિસાદ બ્રહ્મોસ મિસાઈલના હુમલા સુધી મર્યાદિત હતો.

★ **Passage (For Ques. 013 To 015)**

The University Grants Commission (UGC) allowed foreign universities to set up campuses in India in 2023. Since then, Deakin University and the University of Wollongong (Australia) established campuses in Gujarat's GIFT City, and the University of Southampton (U.K.) in Gurugram. Recently, five more institutions- University of York (U.K.), University of Aberdeen, University of Western Australia, Illinois Institute of Technology, and Instituto Europeo di Design (Italy)-received permission to set up in Mumbai.

Admissions were announced before key details like faculty information were publicized, raising concerns despite signaling enthusiasm. Most institutions are not top-tier in their home countries and face challenges in establishing a clear academic identity in India's competitive market, where they risk being seen as degree factories. Foreign campuses rely heavily on marketing, which cannot substitute for academic substance. They operate from rented buildings, lacking the vibrancy of traditional Indian universities.

★ ફકરો (પ્રશ્ન 013 થી 015 માટે)

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ 2023માં વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવાની મંજૂરી આપી. ત્યારથી, ડીકિન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ વોલોંગોંગ (ઓસ્ટ્રેલિયા) એ ગુજરાતના GIFT સિટીમાં અને યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન (યુ.કે.) એ ગુરુગ્રામમાં કેમ્પસ સ્થાપ્યા. તાજેતરમાં, પાંચ વધુ સંસ્થાઓ - યુનિવર્સિટી ઓફ યોર્ક (યુ.કે.), યુનિવર્સિટી ઓફ એબરડીન, યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા, ઈલિનોઈસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, અને ઈન્સ્ટિટ્યૂટો યુરોપિયો ડી ડિઝાઈન (ઈટાલી)-ને મુંબઈમાં સંસ્થા સ્થાપવાની મંજૂરી મળી. ફેકલ્ટી માહિતી જેવી મુખ્ય વિગતો જાહેર થાય તે પહેલાં પ્રવેશની જાહેરાતો કરવામાં આવી, જેનાથી ઉત્સાહ હોવા છતાં ચિંતાઓ ઉભી થઈ. મોટાભાગની સંસ્થાઓ તેમના મૂળ દેશોમાં ટોચના સ્તરની નથી અને ભારતના સ્પર્ધાત્મક બજારમાં સ્પષ્ટ શૈક્ષણિક ઓળખ સ્થાપિત કરવામાં પડકારોનો સામનો કરે છે, જ્યાં તેમને ડિગ્રી ફેક્ટરી તરીકે જોવાનું જોખમ છે. વિદેશી કેમ્પસ મોટાભાગે માર્કેટિંગ પર નિર્ભર છે, જે શૈક્ષણિક સામગ્રીના વિકલ્પ થઈ શકે નહિ. તેઓ ભાડાની ઈમારતોમાંથી કાર્ય કરે છે, જેમાં પરંપરાગત ભારતીય યુનિવર્સિટીઓની જીવંતતાનો અભાવ છે.

013. What is an assumption underlying the passage's concern about foreign universities announcing admissions before sharing faculty details?

(A) Faculty information is the only factor students consider for admissions.

(B) All foreign faculty lack the qualifications needed for Indian campuses.

(C) Indian students are uninterested in foreign university programs.

(D) Lack of transparency about faculty details could undermine student trust.

વિદેશી યુનિવર્સિટીઓ દ્વારા ફેકલ્ટી વિગતો શેર કર્યા વિના પ્રવેશની જાહેરાત કરવાની ફકરામાંની ચિંતાની આધારભૂત ધારણા શું છે?

(A) ફેકલ્ટી માહિતી એ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ધ્યાનમાં લેતા હોય તેવું એકમાત્ર પરિબળ છે.

(B) બધા વિદેશી ફેકલ્ટી પાસે ભારતીય કેમ્પસ માટે જરૂરી લાયકાતનો અભાવ છે.

(C) ભારતીય વિદ્યાર્થીઓ વિદેશી યુનિવર્સિટીના કાર્યક્રમોમાં રસ ધરાવતા નથી.

(D) ફેકલ્ટી વિગતોની પારદર્શિતાનો અભાવ વિદ્યાર્થીઓના વિશ્વાસને નબળો પાડી શકે છે.

014. Which of the following can be inferred from the passage?

(A) All foreign universities in India are located in rented buildings.

(B) Foreign branch campuses primarily offer programs in fields like business and data analytics.

(C) The University of Southampton is the only U.K. university with a campus in India.

(D) Indian private universities have stopped collaborating with foreign institutions.

ફકરામાંથી નીચેનામાંનું કયું અનુમાન કરી શકાય?

(A) ભારતમાં બધી વિદેશી યુનિવર્સિટીઓ ભાડાની ઈમારતોમાં સ્થિત છે.

(B) વિદેશી શાખા કેમ્પસ મુખ્યત્વે બિઝનેસ અને ડેટા એનાલિટિક્સ જેવા ક્ષેત્રોમાં કાર્યક્રમો આપે છે.

(C) યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન એ ભારતમાં કેમ્પસ ધરાવતી એકમાત્ર યુ.કે. યુનિવર્સિટી છે.

(D) ભારતીય ખાનગી યુનિવર્સિટીઓએ વિદેશી સંસ્થાઓ સાથે સહયોગ બંધ કર્યો છે.

015. How many of the following pairs of universities and their parent nations are correct?

1. Deakin University - Australia
2. University of Southampton -United States
3. University of York - United Kingdom
4. Instituto Europeo Design - Italy

(A) Only one of these (B) Only two of these

(C) Only three of these (D) None of these

નીચેની યુનિવર્સિટીઓ અને તેમના મૂળ રાષ્ટ્રોની જોડીઓમાંથી કેટલી સાચી છે?

1. ડીકિન યુનિવર્સિટી - ઓસ્ટ્રેલિયા
2. યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન - યુનાઈટેડ સ્ટેટ્સ
3. યુનિવર્સિટી ઓફ યોર્ક - યુનાઈટેડ કિંગડમ
4. ઈન્સ્ટિટ્યૂટો યુરોપિયો ડિઝાઈન - ઈટાલી

(A) આમાંથી ફક્ત એક (B) આમાંથી ફક્ત બે

(C) આમાંથી ફક્ત ત્રણ (D) આમાંથી કોઈ નહીં

★ **Passage (For Ques. 016 & 017)**

The Supreme Court came down heavily on the "extra-judicial ban" on the Tamil film Thug Life in Karnataka. The Supreme Court ruled that any film that has received a CBFC certificate must be screened. In Karnataka, this movie's release is facing problems after it's actor Kamal Haasan's remark that Kannada was born from Tamil. The Supreme Court has rightly characterised such a "ban" as an infringement on the filmmaker's constitutionally guaranteed right to freedom of speech and expression. The Supreme Court also criticised the Karnataka High Court for asking Haasan to apologise for his remark when hearing a petition filed by the film's producers on June 3. In 2018, the Supreme Court had to hear a similar case regarding the prohibition of the screening of the Hindi film 'Padmaavat' in Rajasthan and Gujarat. Again, in 2023, the Supreme Court stepped in to ensure the release of 'The Kerala Story' in West Bengal, after the West Bengal government banned the film citing its communal plot.

★ **ફકરો (પ્રશ્ન 016 અને 017 માટે)**

સુપ્રીમ કોર્ટે કર્ણાટકમાં તમિલ ફિલ્મ ઠગ લાઈફ પરના ''અનૌપચારિક/ ન્યાયેત્તર પ્રતિબંધ'' પર સખત વલણ અપનાવ્યું. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે CBFC પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર કોઈપણ ફિલ્મનું પ્રદર્શન થવું જોઈએ. કર્ણાટકમાં, આ ફિલ્મના રિલીઝને અભિનેતા કમલ હાસનના નિવેદન પછી સમસ્યાનો સામનો કરવો પડ્યો, જેમણે કહ્યું કે કન્નડ ભાષા તમિલમાંથી જન્મી છે. સુપ્રીમ કોર્ટે આવા ''પ્રતિબંધ''ને ફિલ્મ નિર્માતાઓના બંધારણીય અધિકાર એટલે કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું. સુપ્રીમ કોર્ટે કર્ણાટક હાઈકોર્ટની ટીકા પણ કરી કે તેણે 3 જૂને ફિલ્મના નિર્માતાઓ દ્વારા દાખલ કરેલી અરજીની સુનાવણી દરમ્યાન હાસનને માફી માંગવા કહ્યું. 2018માં, સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને ગુજરાતમાં હિન્દી ફિલ્મ 'પદ્માવત'ના પ્રદર્શન પર પ્રતિબંધ સંબંધિત સમાન કેસની સુનાવણી કરી હતી. ફરીથી, 2023માં, સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં 'ધ કેરાલા સ્ટોરી' ફિલ્મના રિલીઝને સુનિશ્ચિત કરવા માટે હસ્તક્ષેપ કર્યો, જ્યારે પશ્ચિમ બંગાળ સરકારે તેના સાંપ્રદાયિક આલેખ/ તખ્તાને ટાંકીને ફિલ્મ પર પ્રતિબંધ મૂક્યો હતો.

**016.** What can be inferred about the Karnataka High Court's role in the Thug Life case?

(A) It imposed an extra-judicial ban on the film.

(B) It dismissed the petition filed by the film's producers.

(C) It sought to mediate by asking Kamal Haasan to apologize.

(D) It supported the Supreme Court's ruling on the film's release.

ઠગ લાઈફ કેસમાં કર્ણાટક હાઈકોર્ટની ભૂમિકા વિશે શું અનુમાન કરી શકાય?

(A) તેણે ફિલ્મ પર અનૌપચારિક/ ન્યાયેત્તર પ્રતિબંધ લાદ્યો.

(B) તેણે ફિલ્મના નિર્માતાઓ દ્વારા દાખલ કરેલી અરજી ફગાવી દીધી.

(C) તેણે કમલ હાસનને માફી માંગવા કહીને મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો.

(D) તેણે સુપ્રીમ કોર્ટના ફિલ્મના રિલીઝ અંગેના ચુકાદાને સમર્થન આપ્યું.

**017.** What is an assumption underlying the Supreme Court's ruling that films with CBFC certification must be screened?

(A) State governments lack the authority to ban CBFC-certified films.

(B) All CBFC-certified films are free of controversial content.

(C) Public protests against films are always unjustified.

(D) Filmmakers will not challenge CBFC certifications in court.

સુપ્રીમ કોર્ટનો ચુકાદા છે કે CBFC પ્રમાણપત્ર ધરાવતી ફિલ્મોનું પ્રદર્શન થવું જોઈએ તેની આધારભૂત ધારણા શું છે?

(A) રાજ્ય સરકારો પાસે CBFC–પ્રમાણિત ફિલ્મો પર પ્રતિબંધ મૂકવાનો અધિકાર નથી.

(B) બધી CBFC–પ્રમાણિત ફિલ્મો વિવાદાસ્પદ સામગ્રીથી મુક્ત હોય છે.

(C) ફિલ્મો સામેના જાહેર વિરોધ હંમેશા ગેરવાજબી હોય છે.

(D) ફિલ્મ નિર્માતાઓ CBFC પ્રમાણપત્રોને કોર્ટમાં પડકારશે નહીં.

**018.** The vessel is filled with a mixture of "X" liters of spirit and water in the ratio of 5:7. 24 liters of the mixture is taken out, and the vessel is refilled by adding 8 liters of spirit followed by 16 liters of water. Find the value of "X" if the ratio of spirit to water in the resultant mixture is 2:3.

(A) 108 (B) 120

(C) 106 (D) 130

એક પાત્રમાં "X" લિટર સ્પિરિટ અને પાણીનું મિશ્રણ 5:7ના ગુણોત્તરમાં ભરેલું છે. 24 લિટર મિશ્રણ બહાર કાઢવામાં આવે છે, અને પાત્રને 8 લિટર સ્પિરિટ અને 16 લિટર પાણી ઉમેરીને ફરી ભરવામાં આવે છે. જો પરિણામી મિશ્રણમાં સ્પિરિટ અને પાણીનો ગુણોત્તર 2:3 હોય, તો "X" નું મૂલ્ય શોધો.

(A) 108 (B) 120

(C) 106 (D) 130

**019.** Out of 392 people, 211 visited Qutub Minar, 179 visited Char Minar, and 260 visited Taj Mahal. 52 people visited all three sites, 75 visited only Qutub Minar and Taj Mahal, and 106 visited both Char Minar and Taj Mahal. If no one visited any of the sites, how many people visited both CharMinar and Qutub Minar?

(A) 21 (B) 152

(C) 73 (D) 77

392 લોકોમાંથી, 211એ કુતુબ મિનાર, 179એ ચાર મિનાર અને 260એ તાજમહેલની મુલાકાત લીધી. 52 લોકોએ ત્રણેય સ્થળોની મુલાકાત લીધી, 75એ ફક્ત કુતુબ મિનાર અને તાજમહેલની મુલાકાત લીધી, અને 106એ ચાર મિનાર અને તાજમહેલ બંનેની મુલાકાત લીધી. જો કોઈએ એકપણ સ્થળની મુલાકાત ન લીધી હોય, તો ચાર મિનાર અને કુતુબ મિનાર બંનેની મુલાકાત લેનારા લોકોની સંખ્યા કેટલી છે?

(A) 21 (B) 152

(C) 73 (D) 77

**020.** In a certain code, the word "STUVWXYZ" is coded as "EREOCSCP." How is the word "PQRSTUVW" coded in the same code?

(A) BHLTKAFI (B) BHMTKAFI

(C) BHLTKAEI (D) BHLTKAFJ

ચોક્કસ કોડમાં, "STUVWXYZ" શબ્દને "EREOCSCP" તરીકે કોડ કરવામાં આવે છે. તે જ કોડમાં "PQRSTUVW" શબ્દ કેવી રીતે કોડ થાય છે?

(A) BHLTKAFI (B) BHMTKAFI

(C) BHLTKAEI (D) BHLTKAFJ

★ **For Ques. 021 To 024**

Five students-Arjun, Chetan, Dinesh, Rohan, and Tarun-reported their scores in a quantitative test as follows:

**Arjun**: Arjun, Chetan, and Dinesh together scored 133 marks.

**Chetan**: Chetan, Dinesh, and Rohan together scored 138 marks.

**Dinesh**: Dinesh, Rohan, and Tarun together scored 143 marks.

**Rohan**: Rohan, Tarun, and Arjun together scored 142 marks.

**Tarun**: Tarun, Arjun, and Chetan together scored 134 marks.

★ **પ્રશ્ન 021 થી 024 માટે**

પાંચ વિદ્યાર્થીઓ-અર્જુન, ચેતન, દીનેશ, રોહન અને તરુણ-એ તેમના માત્રાત્મક/ગણિતીય પરીક્ષાના ગુણ નીચે મુજબ જણાવ્યા:

**અર્જુનઃ** અર્જુન, ચેતન અને દીનેશના કુલ ગુણ 133 થયા.

**ચેતનઃ** ચેતન, દીનેશ અને રોહનના કુલ ગુણ 138 થયા.

**દીનેશઃ** દીનેશ, રોહન અને તરુણના કુલ ગુણ 143 થયા.

**રોહનઃ** રોહન, તરુણ અને અર્જુનના કુલ ગુણ 142 થયા.

**તરુણઃ** તરુણ, અર્જુન અને ચેતનના કુલ ગુણ 134 થયા

**021.** What is the average of the scores of all five students?

(A) 130 (B) 220

(C) 230 (D) 240

પાંચ વિદ્યાર્થીઓનો સરેરાશ સ્કોર કેટલો છે?

(A) 130 (B) 220

(C) 230 (D) 240

**022.** Who scored the least marks among the students?

(A) Chetan (B) Arjun

(C) Dinesh (D) Tarun

તમામ વિદ્યાર્થીઓ પૈકી સૌથી ઓછા ગુણ કોના આવ્યા?

(A) ચેતન (B) અર્જુન

(C) દીનેશ (D) તરુણ

023. Who scored the highest marks among the students?

(A) Arjun (B) Chetan

(C) Rohan (D) Tarun

તમામ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણ કોને મળ્યા?

(A) અર્જુન (B) ચેતન

(C) રોહન (D) તરુણ

024. How many students scored more marks than Arjun?

(A) 0 (B) 1

(C) 2 (D) 3

કેટલા વિદ્યાર્થીઓએ અર્જુનથી વધુ ગુણ મેળવ્યા?

(A) 0 (B) 1

(C) 2 (D) 3

★ **For Ques. 025 & 026**

Four young men-Anil, Chetan, Dhruv, and Eshan-each have one outdoor interest and one hobby related to fine arts. Two are interested in hockey, two in cricket, two are painters, one is a singer, and one is a dancer. The following information is provided:

1. Eshan is neither a dancer nor plays hockey.
2. Chetan does not paint.
3. The dancer plays hockey.
4. Anil and Chetan do not play cricket.

★ **પ્રશ્ન 025 અને 026 માટે**

ચાર યુવાનો-અનિલ, ચેતન, ધ્રુવ અને ઈશાન-દરેકનો ફાઈન આર્ટ્સ સાથે સંબંધિત એક આઉટડોર રસ અને એક અભિરુચિ/શોખ છે. બે હોકીમાં રસ ધરાવે છે, બે ક્રિકેટમાં રસ ધરાવે છે, બે ચિત્રકાર છે, એક ગાયક છે, અને એક નૃત્યકાર છે. નીચેની માહિતી આપવામાં આવી છે:

1. ઈશાન ન તો નૃત્યકાર છે કે ન તો હોકી રમે છે.
2. ચેતન ચિત્રકામ કરતો નથી.
3. નૃત્યકાર હોકી રમે છે.
4. અનિલ અને ચેતન ક્રિકેટ રમતા નથી.

025. Who among the following play cricket and are interested in painting?

(A) Anil (B) Chetan

(C) Dhruv (D) Dhruv and Eshan

નીચેના પૈકી કોણ ક્રિકેટ રમે છે અને ચિત્રકામમાં રૂચિ રાખે છે?

(A) અનિલ (B) ચેતન

(C) ધ્રુવ (D) ધ્રુવ અને ઈશાન

026. Who among the following is a singer?

(A) Anil (B) Chetan

(C) Dhruv (D) Eshan

નીચેના પૈકી કોણ ગાયક છે?

(A) અનિલ (B) ચેતન

(C) ધ્રુવ (D) ઈશાન

027. Two numbers are respectively 40% and 60% more than a third number. What percent is the first number of the second number?

(A) 75% (B) 87.5%

(C) 125% (D) 62.5%

બે સંખ્યાઓ અનુક્રમે ત્રીજી સંખ્યાથી 40% અને 60% વધુ છે. પ્રથમ સંખ્યા, બીજી સંખ્યાના કેટલા ટકા છે?

(A) 75% (B) 87.5%

(C) 125% (D) 62.5%

028. A bag contains 6 red balls, 4 blue balls, and 7 white balls. What is the minimum number of balls that should be chosen randomly to ensure that there are at least two balls of different colors among those chosen?

(A) 5 (B) 7

(C) 8 (D) 10

એક થેલીમાં 6 લાલ રંગના બોલ, 4 નીલા રંગના બોલ અને 7 સફેદ રંગના બોલ છે. પસંદ કરેલા બોલમાં ઓછામાં ઓછા બે અલગ અલગ રંગોના બોલ હોય તે સુનિશ્ચિત કરવા માટે રેન્ડમલી પસંદ કરાયેલા બોલની સંખ્યા કેટલી હોવી જોઈએ?

(A) 5 (B) 7

(C) 8 (D) 10

029. Find the number of numbers between 600 and 5000 that are divisible by both 18 and 24.

(A) 58 (B) 60

(C) 61 (D) 62

600 અને 5000 વચ્ચે કેટલી સંખ્યાઓ છે જે 18 અને 24 બંનેથી ભાગી શકાય છે?

(A) 58 (B) 60

(C) 61 (D) 62

030. Find the missing alphabets in the following series:

( c _ _ d e f _ u t _ v w x _ _ )

(A) derxyz (B) desvyz

(C) cdtuvw (D) efstyz

નીચે આપેલી શ્રેણીમાં ગાયબ અક્ષરો શોધો:


( c _ _ d e f _ u t _ v w x _ _ )

(A) derxyz (B) desvyz


(C) cdtuvw (D) efstyz

**Q 031 to 033 Circular Seating Arrangement**

Eight people - I, J, K, L, M, N, O, and P- are seated around a circular table at equal distances, not necessarily in order. Some face the center, while others face outside. The following conditions apply:





1. K sits second to the left of I.
2. 'I' faces outside.
3. J and L are immediate neighbors of K.
4. P sits second to the right of J.
5. M sits third to the left of P.
6. N sits on the immediate right of O.
7. K sits third to the left of N.
8. K and P face the same direction.
9. L sits on the immediate right of M.
10. L and O face the same direction.




**પ્રશ્ન 031 થી 033 ગોળાકાર બેઠક વ્યવસ્થા**

આઠ વ્યક્તિઓ - I, J, K, L, M, N, O અને P- એક ગોળાકાર ટેબલની આસપાસ સમાન અંતરે બેઠા છે, જે ક્રમમાં બેઠા હોય તે જરૂરી નથી. કેટલાક લોકો કેન્દ્ર તરફ મુખ કરે છે, જ્યારે અન્ય બહારની તરફ મુખ કરે છે. નીચેની શરતો લાગુ પડે છે:




1. K, I ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે.
2. I બહારની તરફ મુખ કરે છે.
3. J અને L, K ના તાત્કાલિક પડોશીઓ છે.
4. P, J ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે.
5. M, P ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે.
6. N, O ની તાત્કાલિક જમણી બાજુએ બેસે છે.
7. K, N ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે.
8. K અને P એક જ દિશામાં મુખ કરે છે.
9. L, M ની તાત્કાલિક જમણી બાજુએ બેસે છે.
10. L અને O એક જ દિશામાં મુખ કરે છે.

031. Which of the following is true regarding L as per the given seating arrangement?

(A) Only one person sits between L and I.

(B) Only three persons sit between L and P.

(C) J sits second to the left of P.

(D) M sits on the immediate right of L.

નીચેનામાંથી કયું વિધાન આપેલ બેઠક વ્યવસ્થા અનુસાર L વિશે સાચું છે?

(A) L અને I વચ્ચે ફક્ત એક વ્યક્તિ બેસે છે.

(B) L અને P વચ્ચે ફક્ત ત્રણ વ્યક્તિઓ બેસે છે.

(C) J, P ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે.

(D) M, L ની તાત્કાલિક જમણી બાજુએ બેસે છે.

032. How many people in the given arrangement face outside?

(A) Two (B) Three

(C) Four (D) Five

આપેલ વ્યવસ્થામાં કેટલા લોકો બહારની તરફ મુખ કરે છે?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

033. What is M's position with respect to J ?

(A) Fourth to the right (B) Third to the left

(C) Second to the left (D) Fifth to the left

J ની સાપેક્ષે M ની સ્થિતિ શું છે?

(A) જમણી બાજુએ ચોથું (B) ડાબી બાજુએ ત્રીજું

(C) ડાબી બાજુએ બીજું (D) ડાબી બાજુએ પાંચમું

034. **Directions:** In the following Question, You have to decide whether the data provided in the statements is/are sufficient to answer the question.

15 men and 18 women together can complete a work in 10 days. How many days will it take 9 men and 14 women together to complete the same work?

**Statements:**

1. 30 men can complete the same work in 13 days.
2. The amount of work done by a man is three-fourths of the work done by a woman in one day.

(A) Statement 1 alone is sufficient to answer the question.

(B) Statement 2 alone is sufficient to answer the question.

(C) Either statement 1 alone or statement 2 alone are sufficient to answer the question.

(D) Both statements 1 and 2 together are sufficient to answer the question.

**દિશાનિર્દેશોઃ** નીચેના પ્રશ્નમાં તમારે નક્કી કરવાનું છે કે કયું/કયા નિવેદનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

15 પુરુષો અને 18 સ્ત્રીઓ સાથે મળીને એક કામ 10 દિવસમાં પૂર્ણ કરી શકે છે. 9 પુરુષો અને 14 સ્ત્રીઓ સાથે મળીને તે જ કામ પૂર્ણ કરવામાં કેટલા દિવસ લાગશે?

**નિવેદનોઃ**

1. 30 પુરુષો તે જ કામ 13 દિવસમાં પૂર્ણ કરી શકે છે.
2. એક પુરુષ દ્વારા થતું કામ એક દિવસમાં એક સ્ત્રી દ્વારા થતા કામના ત્રણ-ચતુર્થાંશ જેટલું છે.

(A) ફક્ત નિવેદન 1 પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતું છે.

(B) ફક્ત નિવેદન 2 પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતું છે.

(C) નિવેદન 1 અથવા નિવેદન 2 એકલું પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતું છે.

(D) નિવેદન 1 અને 2 બંને સાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**035.** **Statements:**

1. All magazines are books.
2. Some magazines are not novels.
3. No novels are comics.
4. All comics are journals.
5. No magazines are comics.

**Conclusions:**

I. Some journals are not novels.
II. Some journals are not comics.
III. No books are comics.
IV. Some books are not novels.

(A) Only I and III follow
(B) Only II and IV follow
(C) I, III, and IV follow
(D) Only I and IV follow

**નિવેદનો:**

1. બધા મેગેઝીન બુક છે.
2. કેટલાક મેગેઝીન નવલકથા નથી.
3. કોઈ નવલકથા કોમિક્સ નથી.
4. બધી કોમિક્સ જર્નલ છે.
5. કોઈ મેગેઝીન કોમિક્સ નથી.

**નિષ્કર્ષો:**

I. કેટલીક જર્નલ નવલકથા નથી.
II. કેટલીક જર્નલ કોમિક્સ નથી.
III. કોઈ બુક કોમિક્સ નથી.
IV. કેટલીક બુક નવલકથા નથી.

(A) ફક્ત I અને III અનુસરે છે
(B) ફક્ત II અને IV અનુસરે છે
(C) I, III અને IV અનુસરે છે
(D) ફક્ત I અને IV અનુસરે છે

**036.** There are five bus routes between A and B; and six bus routes between B and C. A man can travel round-trip in a number of ways by bus from A to C via B. If he does not want to use a bus route more than once, in how many ways can he make a round trip?

(A) 870
(B) 720
(C) 600
(D) None of these

A અને B વચ્ચે પાંચ બસ રૂટ છે; અને B અને C વચ્ચે છ બસ રૂટ છે. એક વ્યક્તિ A થી B થઈને C સુધી બસ દ્વારા રાઉન્ડ-ટ્રીપ કરી શકે છે. જો તે કોઈ બસ રૂટનો એક કરતાં વધુ વખત ઉપયોગ ન કરવા માંગતો હોય, તો તે કેટલી રીતે રાઉન્ડ-ટ્રીપ કરી શકે?

(A) 870
(B) 720
(C) 600
(D) આમાંથી કોઈ નહીં

**037.** In a dry fruits shop, almonds are available in packets of 200 grams and 1 kg. If the number of 200-gram packets is increased by 50%, the total weight of almonds available in the shop increases by 20%. Which of the following could be the number of 1 kg packets in the shop?

(A) 58 (B) 60

(C) 62 (D) 64

એક ડ્રાય ફ્રૂટ્સની દુકાનમાં બદામ 200 ગ્રામ અને 1 કિગ્રા ના પેકેટમાં ઉપલબ્ધ છે. જો 200 ગ્રામના પેકેટની સંખ્યા 50% વધે, તો દુકાનમાં ઉપલબ્ધ બદામનું કુલ વજન 20% વધે છે. નીચેનામાંથી કઈ સંખ્યા 1 કિગ્રા પેકેટની હોઈ શકે?

(A) 58 (B) 60

(C) 62 (D) 64

**038.** What will come in place of question mark (?) in the number series

6, 10.5, 23, 60, ? , 644

(A) 192 (B) 196

(C) 168 (D) None of these

નીચેની સંખ્યા શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવશે:

6, 10.5, 23, 60, ?, 644

(A) 192 (B) 196

(C) 168 (D) આમાંથી કોઈ નહીં

**039.** The sum of all the 3-digit numbers, each of which on division by 5 leaves remainder 3, is _____.

(A) 92180 (B) 99090

(C) 84280 (D) 98901

બધી 3-અંકની સંખ્યાઓનો સરવાળો, જેમાં દરેકને 5 વડે ભાગતા 3 બાકી રહે છે, તે _____ છે.

(A) 92180 (B) 99090

(C) 84280 (D) 98901

040. A five digit number divisible by 3 is to be formed using the numbers 0, 1, 2, 3, 4 and 5 without repetitions. The total number of ways this can be done is ____ .

(A) 216 (B) 600

(C) 240 (D) None of these

0, 1, 2, 3, 4 અને 5 સંખ્યાઓનો ઉપયોગ કરીને, પુનરાવર્તન વિના, 3 વડે ભાગી શકાય તેવી પાંચ-અંકની સંખ્યા બનાવવાની છે. આ કરવાની કુલ રીતોની સંખ્યા ____ છે.

(A) 216 (B) 600

(C) 240 (D) આમાંથી કોઈ નહીં

041. A cube is coloured blue on all faces. Then it is cut into 216 smaller cubes of equal size. Now consider the following statements base on this information

**Statement 1:** There are 56 cubes which have at least two sides blue colour

**Statement 2:** There are 96 cubes which have only one side blue colour

Which of the above statement/s is/are correct?

(A) only 1 (B) only 2

(C) Both 1 2 (D) Neither 1 nor 2

એક ઘનની બધી બાજુઓ નીલા રંગથી રંગવામાં આવે છે. પછી તેને 216 સમાન કદના નાના ઘનમાં કાપવામાં આવે છે. હવે આ માહિતીના આધારે નીચેના નિવેદનો ધ્યાનમાં લોઃ

**નિવેદન 1:** 56 ઘન એવા છે જેની ઓછામાં ઓછી બે બાજુઓ નીલા રંગની છે.

**નિવેદન 2:** 96 ઘન એવા છે જેની ફક્ત એક બાજુ નીલા રંગની છે.

ઉપરના નિવેદનોમાંથી કયું/કયા સાચું/સાચા છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) 1 કે 2 કોઈ નહીં

042. **Directions :** The following questions are accompanied by three statements (A), (B), and (C). You have to determine which statements is/are sufficient to answer the questions.

How many students in Class like to play only one game?

A. Out of 72 total students in the class, 22 like hockey and cricket, 23 like football and cricket, 15 like football and hockey.

B. All the students like at least one game and 10 students like all the three games.

C. 9 students like to play only hockey.

(A) Only A and B together are sufficient.

(B) A, B and C together are sufficient.

(C) A, B and C even together are not sufficient.


(D) Either A and B together or A and C together are sufficient.

**દિશાનિર્દેશો :** નીચેના પ્રશ્નો સાથે ત્રણ નિવેદનો (A), (B) અને (C) આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે કયું/કયા નિવેદનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ ફક્ત એક જ રમત રમવાનું પસંદ કરે છે?

A. વર્ગમાં કુલ 72 વિદ્યાર્થીઓમાંથી, 22 હોકી અને ક્રિકેટ પસંદ કરે છે, 23 ફૂટબોલ અને ક્રિકેટ પસંદ કરે છે, 15 ફૂટબોલ અને હોકી પસંદ કરે છે.

B. બધા વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી એક રમત પસંદ કરે છે અને 10 વિદ્યાર્થીઓ ત્રણેય રમતો પસંદ કરે છે.




C. 9 વિદ્યાર્થીઓ ફક્ત હોકી રમવાનું પસંદ કરે છે.

(A) ફક્ત A અને B સાથે/ભેગા પૂરતા છે.

(B) A, B અને C સાથે/ભેગા પૂરતા છે.


(C) A, B અને C સાથે/ભેગા પણ પૂરતા નથી.

(D) A અને B સાથે/ભેગા અથવા A અને C સાથે/ભેગા પૂરતા છે.

**043.** **Directions:** Study the following information carefully and answer the given questions.

S, T, U, V, W, X, Y and Z are sitting around a circular table but not facing the centre. Y sits third to the right of X. Y and X both are not immediate neighbours of Z, who sits second to the left of S. T sits third to the right of U. T is not an immediate neighbour of Y. V is not an immediate neighbour of Z or U.

How many persons are there between T and W, starting from T in anti-clockwise direction?




(A) One (B) Two

(C) Three (D) Four


**દિશાનિર્દેશોઃ** નીચેની માહિતીનો કાળજીપૂર્વક અભ્યાસ કરો અને આપેલા પ્રશ્નોના જવાબ આપો.

S, T, U, V, W, X, Y અને Z એક ગોળાકાર ટેબલની આસપાસ બેઠા છે પરંતુ કેન્દ્ર તરફ મુખ નથી કરતા. Y, X ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. Y અને X બંને Z ના તાત્કાલિક પડોશી નથી કે જે S ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. T, U ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. T, Y નો તાત્કાલિક પડોશી નથી. V, Z અથવા U નો તાત્કાલિક પડોશી નથી.

T થી ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ગણતાં T અને W વચ્ચે કેટલી વ્યક્તિઓ છે?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર



25 25 50 75
150 6 1 2 3

044. **Directions :**

In the following Question, You have to decide whether the data provided in the statement/s is/are sufficient to answer the question.

The Compound Interest on a certain sum is Rs 432 more than the Simple Interest on the same sum and same rate at the end of 2 Years. Find the rate of Interest?

**Statements:**

1. The Compound Interest on the same sum at the same rate of interest at the end of 2 years is 14832.
2. The Simple Interest on the same sum and same rate at the end of five years is Rs.36000.

(A) Statement 1 alone is sufficient to answer the question.

(B) Statement 2 alone is sufficient to answer the question.

(C) Either statement 1 alone or statement 2 alone are sufficient to answer the question.

(D) Both statements 1 and 2 together are sufficient to answer the question

**દિશાનિર્દેશો:** નીચેના પ્રશ્નમાં તમારે નક્કી કરવાનું છે કે કયું/કયા નિવેદનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

ચોક્કસ રકમ પરનું ચક્રવૃદ્ધિ વ્યાજ 2 વર્ષના અંતે તે જ રકમ અને તે જ દરે સાદા વ્યાજ કરતાં 432 રૂપિયા વધુ છે. વ્યાજનો દર શોધો?

**નિવેદનો:**

1. તે જ રકમ પર તે જ વ્યાજના દરે 2 વર્ષના અંતે ચક્રવૃદ્ધિ વ્યાજ 14832 રૂપિયા છે.
2. તે જ રકમ અને તે જ દરે 5 વર્ષના અંતે સાદું વ્યાજ 36000 રૂપિયા છે.

(A) ફક્ત નિવેદન 1 પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતું છે.

(B) ફક્ત નિવેદન 2 પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતું છે.

(C) નિવેદન 1 અથવા નિવેદન 2 એકલું પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતું છે.

(D) નિવેદન 1 અને 2 બંને સાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

045. In an examination, a student scores 10 marks for every correct answer and loses 3 marks for every wrong answer. The student attempted all the 150 questions and scored in all 1214 marks. The number of questions he answered correctly was____ .

(A) 138
(B) 124
(C) 132
(D) None of These

એક પરીક્ષામાં, એક વિદ્યાર્થી દરેક સાચા જવાબ માટે 10 ગુણ મેળવે છે અને દરેક ખોટા જવાબ માટે 3 ગુણ ગુમાવે છે. તે વિદ્યાર્થીએ બધા જ 150 પ્રશ્નોનો પ્રયાસ કર્યો અને કુલ 1214 ગુણ મેળવ્યા. તેણે સાચા જવાબ આપેલા પ્રશ્નોની સંખ્યા _____ હતી.

(A) 138
(B) 124
(C) 132
(D) આમાંથી કોઈ નહીં

046. The number nearest to 43582 divisible by each of 25, 50 and 75 is:

(A) 43500
(B) 43650
(C) 43600
(D) 43550

43582 ની નજીકની સંખ્યા જે 25, 50 અને 75 દ્વારા ભાગી શકાય તે છે:

(A) 43500
(B) 43650
(C) 43600
(D) 43550

047. If I walk at 5 kmph, I miss a train by 7 minutes. If, however, I walk at 6 kmph, I reach the station 5 minutes before the departure of the train. The distance (in km) between my house and the station is _____ .

(A) 6
(B) 8
(C) 12
(D) None of These

જો હું 5 કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલું, તો હું ટ્રેન 7 મિનિટથી ચૂકી જાઉં છું. જો કે, જો હું 6 કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલું, તો હું ટ્રેનના પ્રસ્થાન પહેલાં 5 મિનિટ પહેલાં સ્ટેશન પહોંચું છું. મારા ઘર અને સ્ટેશન વચ્ચેનું અંતર (કિમીમાં) _____ છે.

(A) 6
(B) 8
(C) 12
(D) આમાંથી કોઈ નહીં

048. From a point on a circular track 10 km long P, Q and R started running in the same direction at the same time with speed of 2.5 kmph, 3 kmph and 4 kmph respectively. Then on the starting point all three will meet again after

(A) 15 hours (B) 20 hours
(C) 30 hours (D) None of these

10 કિમી લાંબા ગોળાકાર ટ્રેક પરના એક બિંદુથી P, Q અને R એ એક જ દિશામાં એક જ સમયે અનુક્રમે 2.5 કિમી પ્રતિ કલાક, 3 કિમી પ્રતિ કલાક અને 4 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડવાનું શરૂ કર્યું. તો પ્રારંભિક બિંદુ પર ત્રણેય ફરીથી કેટલા સમય પછી મળશે?

(A) 15 કલાક (B) 20 કલાક
(C) 30 કલાક (D) આમાંથી કોઈ નહીં

049. In a Certain code language, KEYBOARD is coded as EUFVKJRZ. Then how is ANSWERS coded in that language?

(A) TUJDBWP (B) TMYBZYO
(C) TUJDBYO (D) None of These

ચોક્કસ કોડ ભાષામાં, KEYBOARD ને EUFVKJRZ તરીકે કોડ કરવામાં આવે છે. તો તે જ ભાષામાં ANSWERS ને કેવી રીતે કોડ કરવામાં આવે છે?

(A) TUJDBWP (B) TMYBZYO
(C) TUJDBYO (D) આમાંથી કોઈ નહીં

050. Consider the following Statements and Conclusions and give the answer

Statement 1. $G > H > J > K < P < R = T$
Statement 2. $D < E < B < K > S > V$
Conclusion 1. $T > V$
Conclusion 2. $H > R$
Conclusion 3. $T \geq H$

Which of the above conclusion/s is / are correct?

(A) Only 1 (B) Only 1 & 2
(C) Only 1 and 2 or 3 (D) All 1,2 and 3

નીચેના નિવેદનો અને નિષ્કર્ષો ધ્યાને લઈ જવાબ આપો.

નિવેદન 1: $G > H > J > K < P < R = T$
નિવેદન 2: $D < E < B < K > S > V$
નિષ્કર્ષ 1: $T > V$
નિષ્કર્ષ 2: $H > R$
નિષ્કર્ષ 3: $T \geq H$

ઉપરના નિષ્કર્ષોમાંથી કયું/કયા સાચું/સાચા છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 2 અથવા 3 (D) બધા 1, 2 અને 3